સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૩-૧૨-૦૮ના રોજ

મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

:::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૫-૧૨-૦૮ ના પત્ર નં.સીમીસ/૮/૩૪ થી વિદિત થઈ તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૦**(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ)**માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના **નં.૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉત્રાણ)**ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મોજે છાપરાભાઠા, બ્લોક નં.૧૧૧, મૂળખંડ નં.૬૭ માં બાળમંદિર, સ્કૂલ, કોલેજ વિગેરે કાર્યરત હોય તેમજ ઉપરોકત સંસ્થામાં ૩,૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય આર-૨૫ (સ્કૂલ)નું રીઝર્વેશન રદ કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૨) મોજે ઉત્રાણ, બ્લોક નં.૧૯૮, મૂળખંડ નં.૨૫૫ માં બાળમંદિર, સ્કુલ કોલેજ વિગેરે કાર્યરત હોય તેમજ ઉપરોકત સંસ્થામાં ૪,૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય આર-૩૯(સબ સેન્ટર)નું રીઝર્વેશન રદ કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૩) મોજે છાપરાભાઠા, બ્લોક નં.૨૫૨ અને મૂળ ખંડ નં.૧૯૫ ની દક્ષિણે સ્થિત રીઝર્વેશન આર-૫૭ ના મૂળખંડ નં.૧૯૫ પુરતુ રીઝર્વેશન રદ કરી ડી.આઈ.એલ.આર. ના ભાગલા ધ્યાને લઈ દરેક જમીન માલિકને અલગ અલગ ફાયનલ પ્લોટ ફાળવવા અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૪) મોજે છાપરાભાઠા બ્લોક નં.૯૦ નું મૂળખંડ નં.૪૮ માં સ્થિત રીઝર્વેશન આર-૨૯ ને સદરહુ મૂળખંડની પૂર્વ દિશામાં સ્થિત કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૫) મોજે ઉત્રાણ, બ્લોક નં.૨૦૪, ૨૦૫, મૂળખંડ નં.૨૬૧ તથા ૨૬૨ માં અમરોલી વિવિધ સહકારી મંડળી વર્ષોથી કાર્યરત હોય આર-૪૦ (સબસેન્ટર) નું રીઝર્વેશન રદ કરવું અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

(૬) મોજે છાપરાભાઠા, બ્લોક નં.૧૭૮ પૈકી, મૂળખંડ નં.૧૨૩ માં ફાળવાયેલ ફાયનલ પ્લોટ નં.૧૨૪ ને અન્યત્ર ફાળવી અને તેને આનુસાંગિક ફેરફાર કરવો.

<u>ઠરાવ નં.૫૭/૨૦૦૮ સર્વાનુમતે મંજુર</u>